# ગાંધીનગર ખાતે બીજી પર્યાવરણ અને આબોહવા સ્થિરતા કાર્યકારી જૂથની બેઠક શરૂ થશે

**૧૧ આમંત્રિત દેશો સાથે G20 સભ્ય દેશોના ૧૩૦ પ્રતિનિધિઓ ભાગ લેશે**




કમલમ્ ન્યુઝ,

G20 સભ્ય દેશોના ૧૩૦ પ્રતિનિધિઓ સાથે ૧૧ આમંત્રિત દેશો અને ૧૪ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ગાંધીનગર ખાતે બીજી G20 એન્વાયર્નમેન્ટ એન્ડ કલાઈમેટ સસ્ટેનેબિલિટી વર્કિંગ ગ્રૂપ (ECSWG)ની બેઠકમાં ભાગ લેશે. આવતીકાલથી શરૂ થનારી, ત્રણ દિવસીય (૨૭-૨૯ માર્ચ ૨૦૨૩) બેઠક ધરતીની અધોગતિને અટકાવવા, ઈકોસિસ્ટમ પુનઃસ્થાપનને વેગ આપવા અને જૈવવિવિધતાને સમૃદ્ધ બનાવવા જેવા વિષયોના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે; સંસાધન કાર્યક્ષમતા અને પરિપત્ર અર્થતંત્રને પ્રોત્સાહિત કરવું અને ટકાઉ અને આબોહવા સ્થિતિસ્થાપક બ્લુ ઈકોનોમીને પ્રોત્સાહન આપવા જેવા મુદ્દા સામેલ રહેશે. મીટિંગ દરમિયાન નમામિ ગંગે, ક્લાઈમેટ રેઝિલિએન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સહભાગી ગ્રાઉન્ડ વોટર મેનેજમેન્ટ, જલ જીવન મિશન અને સ્વચ્છ ભારત મિશન જેવી મોટી પહેલો પર વિશેષ પ્રસ્તુતિઓ પણ કરવામાં આવશે. ભારત સરકારના કેન્દ્રીય રાજ્ય મંત્રી (રેલવે અને કાપડ) શ્રીમતી દર્શના વિક્રમ જરદોશ ૨૮મી માર્ચે આ બેઠકનું ઉદ્‌ઘાટન કરે તેવીઅપેક્ષા છે. બેઠકના ભાગરૂપેઆયોજિત પ્રવાસ દરમિયાન પ્રતિનિધિઓને આધુનિકતા અને પરંપરાના મિશ્રણને જોવાની તક મળશે. અડાલજ વાવ- પ્રાચીન સ્ટેપવેલ ખાતે ભારતની પ્રાચીન જળ વ્યવસ્થાપન પદ્ધતિઓનું પ્રદર્શન કરવામાં આવશે અને સાબરમતી સાઈફન ખાતે ભારતનું એન્જિનિયરિંગ પરાક્રમ પ્રદર્શિત કરવામાં આવશે. પ્રતિનિધિઓને ખાસ ક્યુરેટેડ ડાન્સ અને મ્યુઝિક પર્ફોર્મન્સ દ્વારા ગુજરાતની વાઈબ્રન્ટ સાંસ્કૃતિક પરંપરાઓનો અનુભવ કરવાની તક પણ મળશે અને તેમની મુલાકાત દરમિયાન સ્થાનિક ભોજનનો સ્વાદ ચાખવાની પણ તક મળશે. આ પરિષદ જલ શક્તિ મંત્રાલયની આગેવાની હેઠળના જળ સંસાધન વ્યવસ્થાપન પર એક સાઈડ ઈવેન્ટ સાથે શરૂ થશે, જ્યાં G20 સભ્ય દેશો આ વિષય પર શ્રેષ્ઠ પ્રથાઓ પર પ્રસ્તુતિઓ કરશે. અંતિમ દિવસે વધુ ટેકનિકલ સત્રો અને મંત્રીમંડળની અંતિમ રૂપરેખા પર ચર્ચા થશે. આ માહિતી આજે પર્યાવરણ વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના સંયુક્ત સચિવ નીલેશ કે સાહ અને જલ શક્તિ મંત્રાલયના સંયુક્ત સચિવ સુબોધ યાદવે શેર કરી હતી. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પર્યાવરણ વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના સંયુક્ત સચિવ નમિતા પ્રસાદ અને સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ડિરેક્ટર વિવેક કાપડિયા પણ હાજર હતા. જલ શક્તિ મંત્રાલય હેઠળની વિવિધ સંસ્થાઓ પણ મીટિંગ દરમિયાન અટલ ભુજલ યોજના, સ્વચ્છ ભારત અભિયાન, જલ જીવન મિશન, નમામિ ગંગે, જલ શક્તિ અભિયાન, રાષ્ટ્રીય જળ મિશન વગેરે સહિતની થીમ પર સ્ટોલ મૂકશે અને ઉચ્ચ ગુણવત્તાવાળા કામને પ્રતિનિધિઓ સાથે શેર કરશે. ૨જી ECSWG મીટિંગ એ ટકાઉ અને સ્થિતિસ્થાપક ભાવિ તરફ G20 દેશો, આમંત્રિત દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રયત્નોને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દરેક પ્રાધાન્યતા ક્ષેત્રો હેઠળ પરિણામો લાવવા અને બધા માટે ટકાઉ અને સ્થિતિસ્થાપક ભાવિ હાંસલ કરવા માટે તમામ હિતધારકો સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છે.







કમલમ્ ન્યુઝ,રિપોર્ટર- ચેતન પટેલ મહેસાણા

મહેસાણા બહુચરાજી સદુથલા ગામ ખાતે પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા સદુથલા પ્રાથમિક શાળાના ૧૧ અગિયાર વર્ગખંડના બાંધકામનુ ખાતમુર્હુત કરવામાં આવી આ ૧૧ વર્ગ ખંડ બનાવવા પાછળ એક કરોડ ૩૫ લાખ સરકાર દ્વારા ફાળવવામાં આવ્યા હતા આજરોજ સદુથલા ગામ ખાતે પ્રાથમિક શાળાના ૧૧ વર્ગખંડના બાંધકામનુ ખાતમુર્હુત માં બહુચરાજીના ધારાસભ્ય સુખાજી ઠાકોર દ્વારા શાળાના સંચાલકો તેમજ સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા આ પ્રસંગે ગુજરાત પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ. જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન મુકેશભાઈ પટેલ. મહેસાણા તાલુકા પંચાયત પ્રમુખ સોનલબેન પટેલ તેમજ જિલ્લા શિક્ષણ પ્રાથમિક અધિકારી ગૌરાંગભાઈ વ્યાસ. તા. પ્રાથમિક શિક્ષણ અધિકારી વિઠ્ઠલભાઈ ચૌધરી તેમજ ગ્રામ પંચાયત ના સરપંચ ગ્રામ પંચાયત સભ્યો તેમજ બહુચરાજી ગામના આગેવાનો અને કાર્યકર્તાઓ આ પ્રસંગે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા

# ‘હર ઘર ધ્યાન ઘર ઘર યોગ’ અરવલ્લી જિલ્લામાં ધ્યાન યોગ કાર્યક્રમ યોજાયો



કમલમ્ ન્યુઝ,ધાર્મિક ભટ્ટ અરવલ્લી

આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે હર ઘર ધ્યાન ઘર ઘર યોગ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, અને આર્ટ ઓફ લિવિંગના સંયુક્ત ઉપક્રમે અરવલ્લી જિલ્લામાં ધ્યાન યોગ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું, અરવલ્લી જિલ્લાના યોગ ટ્રેનર તથા યોગી ભાઈઓ, બહેનો એ ખુબજ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. ગુજરાત સરકાર જેનો ઉમદા હેતુ ગુજરાતના તમામ નાગરિકોના સ્વાસ્થ્ય, સુખાકારી,યોગ પ્રત્યે જાગૃતિ તેમ જ પ્રચાર પ્રસાર અંગેનો છે. તે અંતર્ગત હર ઘર ધ્યાન ઘર ઘર યોગનું આયોજન અરવલ્લી જિલ્લામાં મોડાસા મુકામે કરવામાં આવ્યું. અને ચૈત્ર નવરાત્રી દરમ્યાન અમૃત રસ નું વિતરણ કરવામાં આવ્યું, ઉપરોક્ત કાર્યક્રમમાં જિલ્લા રમત ગમત અધિકારી શ્રી પ્રકાશભાઈ કલાસવા, જિલ્લા યોગ કોચ શ્રી જયેન્દ્રકુમાર અમૃતલાલ મકવાણા, જિલ્લા કોઓર્ડીનેટર પાયલબેન વાળંદ, તથા રાજેશભાઈ પટેલ, નીનામા બદાજી, હિતેન્દ્રભાઈ પંચાલ, રમેશસિંહ ઝાલા, પંકજભાઈ શર્મા, લેઉઆ શકુંતલાબેન,સુનીલ ભાઈ વાળંદ તમામ યોગ કોચ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

# વલસાડમાં અર્થ અવર નિમિત્તે પેડલ ફોર ધ પ્લાનેટના સંદેશ સાથે સાયક્લોથોનમાં શહેરીજનો ઉમટયા



- **ચણવઈની સોસાયટીના રહીશોએ રાત્રે એક કલાક વીજળી બંધ રાખી વૈશ્વિક ઝુંબેશમાં સહભાગી થયા**
- **અતુલની કલ્યાણી સ્કૂલમાં પણ સિગ્નેચર કેમ્પેઈન સાથે સાયકલોથોનનું આયોજન કરાયું**

કમલમ્ ન્યુઝ,વલસાડ

દર વર્ષે માર્ચ મહિનાના છેલ્લા શનિવારે અર્થ અવરની ઉજવણી થાય છે. પૃથ્વીના બચાવ માટે રાત્રે એક કલાક ૮:૩૦ થી ૯:૩૦ પોતાના ઘર, ઓફિસ, કારખાના, સ્કૂલ, કોલેજ અને સરકારી કાર્યાલયો જેવી જગ્યાએ બિનજરૂરી લાઈટ સ્વૈચ્છિક રીતે બંધ રાખી વૈશ્વિક ધોરણે ઝુંબેશ ચલાવવામાં આવે છે. જેના ભાગરૂપે ’પેડલ ફોર ધ પ્લાનેટ’ ના સૂત્ર સાથે ઉઉહ્ ભારત દ્વારા વલસાડમાં ’અર્થ અવર’ ના કેમ્પેઈન માટે ’સાયકલોથોન’ સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડમાં અર્થ અવર નિમિત્તે લોકોમાં જાગૃતિ ફેલાવવા તા. ૨૫ માર્ચે શનિવારે સવારે ૬.૩૦ કલાકે સર્કિટ હાઉસથી તિથલ સ્વામિનારાણ મંદિર સુધી સાઈકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સાયકલ પ્રેમી નાગરિકોએ ભાગ લીધો હતો. અર્થ અવરની ટી-શર્ટ પહેરી તથા દરેક સાયકલ પર પ્લેકાર્ડ લગાવી ૧૦ કિમી સુધી સૌએ સાયકલિંગ કર્યું હતું અને પૃથ્વી પર જળવાયુ પરિવર્તનના કારણે પર્યાવરણને થતા નુકસાનની અસર થોડા ઘણા અંશે રોકવામાં પોતાનો મહત્વનો ફાળો આપી પર્યાવરણ અંગે જાગૃત થવાની શરૂઆત કરી હતી. આ અર્થ અવરમાં પર્યાવરણ અંગે જાગૃતિ માટેની ઝુંબેશમાં WWF-India દ્વારા પાન ઈન્ડિયા સાયકલોથનનું આયોજન દેશના મોટા ભાગના રાજ્યોમાં કરવામાં આવ્યું હતું જેમાં BYCS India Foundation દ્વારા સપોર્ટ કરવામાં આવ્યો હતો. જેમાં વલસાડમાં રિજિયોનલ સપોર્ટર તરીકે વલસાડ રેસર્સ ગૃપ (VRG) અને સન્ડે સ્પોર્ટ્સ ક્લબ (SSC) ના સભ્યોએ ભાગ લઈ સહકાર આપ્યો હતો. વલસાડના જાણીતા રેડીઓલોજિસ્ટ ડૉ. પિયુષ પટેલ અને રેન્જ ફોરેસ્ટ ઓફિસર વાઘેલાએ ફ્લેગ ઓફ કરી સાઈકલોથોનને પ્રસ્થાન કરાવી હતી. આ સાયક્લોથોન પૂર્ણ થયા બાદ અતુલની કલ્યાણી શાળામાં પણ અર્થ અવર કેમ્પેઈન હેઠળ વિદ્યાર્થીઓ સાથે સાયકલોથોનનું આયોજન કરાયું હતું. બંને સ્થળે સિગ્નેચર કેમ્પેઈન પણ હાથ ધરાયું હતું. આ સિવાય ચણવઈના ઓસ્વાલ વિલેજ રેસીડેન્સીયલ સોસાયટીના રહીશોએ પણ એક કલાક માટે પોતાના ઘરોની વીજળી બંધ રાખી અર્થ અવર-૨૦૨૩ની ઉજવણીમાં સહભાગી થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન WWF ગુજરાતના સ્ટેટ હેડ મૌતિકભાઈ દવે અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.



કમલમ્ ન્યુઝ,રીપોટર -રૂપેશ રાવલ -ખેડબ્રહ્મા

ખેડબ્રહ્મા નગરપાલિકા માણેકચોક વિસ્તાર મા આવેલા શૌચાલય મા પાછળ ની ભાગ મા ગટર ઉભરાઈ ને બહાર આવતુ હોવાથી આજુબાજુ રહેતા સ્થાનીક રહીશો રહે છે. તેઓ મચ્છર ના ઉપદ્રવ થી લોકો ભયભીત થઈ ગયા છે.લોકોની માગણી છે કે શૌચાલય ની પાછળ ના ભાગ મા પ્રોટેક્શન દીવાલ કરવી જોઈએ જે ગટર તૂટેલી હાલાત મા હોવાથી તેને તાત્કાલીક તપાસ કરીને રીનોવેશન કરીને ગટર નુ પાણી બંધ થાય તેવુ સ્થાનીક લોકોની માંગ છે.આપણા દેશના માન્ય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના સ્વચ્છ ભારતનુ અભિયાન આગળ ચાલે તેવી સ્થાનીક લોકોની માંગ છે.જ્યારે નગરપાલિકા સત્તાધીશો ના હાથ મા હતી ત્યારે શૌચાલયો સ્વચ્છ રાખવામા આવતી હતી.હવે નગરપાલિકાના અધિકારીઓની મનમાણી ચાલતી હોય તેવી સ્થાનીક લોકોને જણાય છે.

# માંડવી તાલુકાના ઈસર ગામના દિવ્યાંગ હસમુખભાઈ ચૌધરીને વિનામૂલ્યે ટ્રાઈસિકલ મળતા ચહેરા પર રોનક ખીલી ઉઠી

**સરકારે ઘરઆંગણે ટ્રાઈસિકલ આપીને શરીરનું એક અંગ આપ્યું હોય એવી અનુભૂતિ થઈ: લાભાર્થી હસમુખભાઈ ચૌધરી**



કમલમ્ ન્યુઝ,મયુરપટેલ

કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયની એડિપ યોજના અંતર્ગત ભારતીય કૃત્રિમ અંગનિર્માણ નિગમ (એલિમ્કો) દ્વારા સુરત જિલ્લાના માંડવી તાલુકાના સઠવાવ આશ્રમ શાળા ખાતે આયોજિત કેમ્પમાં માંડવી તાલુકાના ઈસર ગામના દિવ્યાંગ લાભાર્થી હસમુખભાઈ ચૌધરીને ટ્રાઈસિકલ અર્પણ કરવામાં આવી હતી. ટ્રાઈસિકલ મળતા દિવ્યાંગ હસમુખભાઈના ચહેરા પર રોનક ખીલી ઉઠી હતી. હસમુખભાઈ ચૌધરીએ પ્રતિભાવ આપતા કહ્યું હતું કે, પરિવારની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી હું ધો.૧૨નો અભ્યાસ પૂર્ણ કરીને ઈલેક્ટ્રોનિક્સ વેચાણ અને રિપેરિંગના વ્યવસાય સાથે જોડાયો હતો. વર્ષ ૨૦૦૯માં ઈલેક્ટ્રીકનું કામ કરતા સમયે અકસ્માતે શોક લાગતા મારા શરીરના ૯૦ ટકા અંગો નિષ્ક્રિય થઈ ગયા અને મણકામાં ફ્રેક્ચર થઈ જતા જીવનભર માટે દિવ્યાંગ બન્યો, પણ હું મનથી ક્યારેય હિમ્મત નથી હાર્યો. શરીરના મહત્વના અંગો કાર્ય ન કરતા ઘણી મુશ્કેલી વેઠવી પડે છે. રૂટિનના તમામ કાર્યમાં ઘરના સદસ્યોનો સહારો લેવો પડે છે. એક સ્થળેથી બીજા સ્થળે જવું હોય તો ખૂબ મુશ્કેલી અનુભવતો હતો. પરંતુ આજે સરકારે મને ઘરઆંગણે ટ્રાઈસિકલ આપીને શરીરનું એક અંગ આપ્યું હોય એવી અનુભૂતિ થઈ રહી છે. વધુમાં તેમણે કહ્યુ કે, પરિવારમાં બે બાળકો અભ્યાસ કરે છે અને પત્ની છૂટક મજૂરી કામ કરીને ઘરનું ગુજરાન ચલાવે છે. સાતેક વર્ષ પહેલા રાજ્ય સરકાર દ્વારા વ્યવસાય માટે ઈલેક્ટ્રોનિક કીટ આપીને મારા જેવા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા દિવ્યાંગોને સહકાર આપ્યો છે. દિવ્યાંગો માટેની ગુજરાત મેન્ટલી ડિસેબલ પેન્શન યોજના હેઠળ દર મહિને રૂ.૧૦૦૦ની સહાય મળી રહી છે, જેનાથી પરિવારને આર્થિક પીઠબળ મળી રહ્યું છે. દેશના વડાપ્રધાનશ્રીએ દિવ્યાંગ નામ આપીને દિવ્યાંગજનોને એક અનન્ય ઓળખ આપી છે, જે આવનારી પેઢી ક્યારેય નહીં ભૂલી શકે તેમજ અમારા જેવા દિવ્યાંગોની ચિંતા કરીએ બદલ કેન્દ્ર અને રાજ્ય સરકારના કાયમી ઋણી રહીશું. નોંધનીય છે કે, માંડવીના સઠવાવ ખાતે સાધનસહાય કેમ્પમાં બારડોલીના સાંસદ પ્રભુભાઈ વસાવાના હસ્તે ૬૯ દિવ્યાંગ લાભાર્થીઓને ટ્રાયસીકલ, વ્હીલચેર, બીટીપી સાંભળવાનું મશીન, MSIEED કીટ, વોકીંગ સ્ટીક, બ્રેઈલ કિટ્સ, સ્માર્ટ ફોન સહિત વિવિધ કુલ-૧૨૪ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસિસ એથલેટીક્સ ડિસ્કસ થ્રોમાં બ્રોન્ઝ મેડલ મેળવી દર્શના પટેલે રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું ગૌરવ વધાર્યું



**નેશનલ લેવલ પર ફરી એકવાર મેડલ જીતનાર દર્શના પટેલ દેત્રોજ તાલુકાના સુવાળા ગામના વતની અને અમદાવાદ જિલ્લા દસક્રોઈ તાલુકાના ગેરતપુર પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવી રહ્યા છે**

કમલમ્ ન્યુઝ,વિરમગામ

ભારત સરકારના કેન્દ્રીય મુલ્કી સેવા અને કીડા સંસ્થાન નવી દિલ્હીના ઉપક્રમે શ્રી શિવછત્રપતિ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બાલેવાડી પુને મહારાષ્ટ્ર ખાતે ૨૬ થી ૨૮ માર્ચ ૨૦૨૩ દરમિયાન અખિલ ભારતીય મુલ્કી સેવા એથલેટીક્સ સ્પર્ધા ૨૦૨૨ - ૨૩નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાના પ્રથમ દિવસે ગુજરાત તરફથી રમતા દર્શના પટેલે ડિસ્કસ થ્રોમાં બ્રોન્ઝ મેડલ મેળવી સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. મૂળ સુવાળા ગામના વતની અને હાલ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના ગેરતપુર પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા દર્શના પી પટેલે આ પહેલા પણ નેશનલ લેવલ પર ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવી ચૂક્યા છે અને ૧૫ થી વધારે નેશનલ ઈવેન્ટમાં ભાગ લીધો છે. નેશનલ લેવલ ઉપરાંત તેમણે અત્યાર સુધીમાં ૩૦થી વધુ ગોલ્ડ અને ૨૫ થી વધુ સિલ્વર મેડલ જીત્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દર્શના પટેલને બ્રોન્ઝ મેડલ જીતવા બદલ મિત્રો, અધિકારીઓ, શિક્ષકો, પરીવારજનો, વિદ્યાર્થાઓ અને શુભેચ્છકો દ્વારા ફોન તથા સોશિયલ મિડીયા દ્વારા અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, દર્શના પટેલ નાનપણથી જ રમત ગમત સાથે જોડાયેલ છે અને તાલુકા, જીલ્લા અને રાજ્યકક્ષાએ રમત ગમતમાં ભાગ લઈને અનેક મેડલ્સ જીતી ચુક્યા છે.

દર્શના પટેલ શાળાના વિદ્યાર્થીઓ ઉપરાંત અનેક લોકોને રમત ગમતની સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહીત કરીને જરૂરી માર્ગદર્શન પણ આપી રહ્યા છે.

# રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે કાશ્મીર ખીણમાં ચેનાબ બ્રિજની મુલાકાત લીધી.







કમલમ્ ન્યુઝ,

શ્રી અશ્વિની વૈષ્ણવ, રેલ્વે, સંચાર, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી, સરકારના માનનીય મંત્રી. યુએસબીઆરએલ પ્રોજેક્ટની પ્રગતિ જોવા માટે આજે ભારતના કાશ્મીર ખીણના ચેનાબ બ્રિજ પર પહોંચ્યા હતા. ઉત્તર રેલવેના જનરલ મેનેજર શ્રી આશુતોષ ગંગલ, એમ.ડી / કેઆરસીએલ , શ્રી સંજય ગુપ્તા, સીએઓ/સી,યુએસબીઆરએલ, શ્રી એસ.પી.જી.માહી, ડિવિઝનલ રેલવે મેનેજર, ફિરોઝપુર, ડૉ. સીમા શર્મા, અને ઉત્તર રેલવે અને યુએસબીઆરએલ પ્રોજેક્ટના અન્ય વરિષ્ઠ રેલવે અધિકારીઓએ માનનીય મંત્રીનું સ્વાગત કર્યું હતું.

યુએસબીઆરએલ પ્રોજેક્ટના અધિકારીઓએ રેલ્વે મંત્રીને વિશ્વના સૌથી ઊંચા રેલ્વે બ્રિજ ચિનાબ અને પ્રોજેક્ટની પ્રગતિ વિશે માહિતી આપી હતી.

માનનીય મંત્રીએ કામની પ્રગતિ જોવા માટે ચેનાબ બ્રિજ અને યુએસબીઆરએલ પ્રોજેક્ટની ટનલનું ટ્રોલી નિરીક્ષણ કર્યું હતું અને તેને સમયસર પૂર્ણ કરવા માટે અધિકારીઓને સૂચનાઓ આપી હતી. માનનીય મંત્રીએ આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા તમામ રેલવે સ્ટાફની મહેનત અને વિવિધ પડકારો અને પ્રતિકૂળ પરિસ્થિતિઓ ઉપરાંત ફરજ પ્રત્યેના તેમના સમર્પણની પ્રશંસા કરી હતી.

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે બાકીની કામગીરી પૂર્ણ કરવા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

માનનીય મંત્રીએ સમગ્ર ભારતના સર્વોચ્ચ રેલ્વે બ્રિજ પર સીમલેસ નેટવર્ક કનેક્ટિવિટી દર્શાવતા ઝોનલ હેડક્વાર્ટરમાં બેઠેલા મુખ્ય મેટ્રો સીટીના મીડિયા સાથે પણ ચર્ચા કરી હતી.

જેઆઈઓ તરફથી ૩૦૦ એમબીપીએસ ઈન્ટરનેટ બેન્ડવિડ્થ, ૧૦૦ એમબીપીએસ એરટેલ ઈન્ટરનેટ નેટવર્ક, ૧૦૦ એમબીપીએસ બીએસએનએલ ઈન્ટરનેટ તેમજ સલાલથી ઓએફસી કેબલ દ્વારા ચિનાબ નદી પરના વિશ્વના સૌથી ઊંચા રેલ્વે બ્રિજ પર વિડિયો અને ઓડિયો વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી. જ્યારે દેશભરમાંથી ભેગાં થયેલા મીડિયાને સંબોધતાં, શ્રી વૈષ્ણવે નીચે મુજબ જાહેરાત કરી:

- યુએસબીઆરએલ પ્રોજેક્ટ જાન્યુઆરી/ ફેબ્રુઆરી-૨૦૨૪ સુધીમાં પૂર્ણ થશે
- વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૬૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી, ૨૦૧૪ પહેલા આ ફાળવણી દર વર્ષે ૮૦૦ કરોડ હતી.
- ઉધમપુર-શ્રીનગર-બારામુલા ટ્રેન સેવા સાથે જોડાયા બાદ વિશેષ રીતે બનેલી વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવશે.
- જમ્મુ ખાતે એન્જિનિયરો માટે એક સ્પેશિયલ ટ્રેનિંગ એકેડમી રચવામાં આવશે.
- કાશ્મીર ખીણ ટૂંક સમયમાં ભારતીય રેલવે નેટવર્ક સાથે જોડાઈ જશે.
- દેશના વિકાસ પર લેસર શાર્પ ફોકસ.

